GJAH100040292025

**<u>વિરમગામ રેલ્વે પોલીસ સ્ટેશન સ્ટે.ડાયરી એન્ટ્રી .નં. ૧૨/૨૦૨૫ ના કામે અરજદાર ગીરધારી સ/ઓ પ્રેમસિંહ રાજપુરોહીતની બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ–પર પરત લેવાની અરજી તળે હુકમ:</u>**

(૧) હાલના કામે વિરમગામ રેલ્વે પોલીસ સ્ટેશન સ્ટે. ડાયરી એન્ટ્રી નં. ૧૨/૨૦૨૫ ના કામે પોલીસે બી.એન.એસ.કલમ–૩૫(૧)(ઈ) હેઠળનો ગુનો નોંધવામાં આવતાં તેમાં અરજદારના વેપાર ધંધા માટે ખરીદેલ મોબાઈલ નંગ–પર કબજે કરેલ છે. અરજદાર જુના ફોન લે વેચનો ધંધો કરે છે અને નાનુ મોટુ રીપેરીંગ કરી મોબાઈલ ફોન વેચે છે અને તમામ મોબાઈલ તેઓએ મુંબઈ(મહારાષ્ટ્ર) થી જુનામાંથી ખરીદેલ છે અને પોલીસે શંકાના આધારે ખોટી રીતે કબજે કરેલ હોય સદર મુદામાલ પરત મેળવવા હાલની અરજી કરેલ છે. સદર મોબાઈલ ફોન નંગ પર તે અરજદારને પરત સોંપવામાં ન આવે તો, તે પોલીસ સ્ટેશનમાં પડી રહે અને તેના સ્પેરપાર્ટસને ઘણું જ નુકશાન જાય તેમ છે. તેમજ સદરહું મુદ્દામાલ અરજદાર/આરોપી પાસેથી કબજે લીધેલ હોઈ, અરજદાર સદરહું મુદ્દામાલના માલીક હોઈ, સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદારને ઘણું જ નુકશાન જાય તેમ છે. આ સંજોગોમાં તેનો કબજો અરજદારને સોંપવા રજુઆત કરેલ છે. પોલીસે કબજે લીધેલ મુદામાલ મોબાઈલોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | મોબાઈલ ફોન કંપનીનુ નામ | આઈ.એમ.ઈ.આઈ. નં. |
|---|---|---|
| 1 | Realme 8 | 863265057040151/55 |
| 2 | Vivo Y95(1807) | 866472044970774/66 |
| 3 | Oppo A3S | 867710049410851/44 |
| 4 | Vivo 1603 | 866614033182776 |

| | | |
|---|---|---|
| 5 | OppoA11K | 863996055832997/89 |
| 6 | Oppo A1K | 864334048409831/23 |
| 7 | OppoA57 | 863711035704038/20 |
| 8 | Realme C20 | 867995059103648/41 |
| 9 | Oppo A58 | 862892066409837/29 |
| 10 | Realme Note 7 | 860389043411814/67 |
| 11 | Realme Note5 | 862452043662576/67 |
| 12 | Redmi Note11 | 867707054474988/66 |
| 13 | Realme 6 | 865314045212437 |
| 14 | Vivo Y51 | 860959047324435 |
| 15 | Poco M3 | 862847053788577 |
| 16 | Oppo F21Pro | 867096056261852 |
| 17 | Realme XT | 866121049374355 |
| 18 | Redmi 9 | 863537052404958 |
| 19 | Vivo Y 95 | 863877047489213 |
| 20 | Vivo Y12 | 861001046324915 |
| 21 | Vivo Y81 | 863017048432819 |
| 22 | Vivo Y20 | 864979056173173 |
| 23 | Vivo Y22 | 867095068675315 |
| 24 | Realme C12Y | 869795055819432 |
| 25 | Redmi 9 | 861269058917674 |
| 26 | Redmi 9 pro | 864818052123476 |
| 27 | Redmi 9 | 865223059647448 |
| 28 | Vivo Y81 | 868558048995854 |
| 29 | Oppo A54 | 861354056731838 |
| 30 | Redmi 9 Power | 869938055121769 |
| 31 | Vivo Y20 | 868894056425033 |
| 32 | Vivo Y 95 | 869308045011357 |
| 33 | Realmi C 15 | 861804043760258 |
| 34 | Vivo Y 83 | 868888033417279/61 |
| 35 | Vivo Y 12 | 864684042401493/85 |
| 36 | Realmi Narzo 20 | 862839052605596/88 |

| | | |
|---|---|---|
| 37 | Oppo A5s | 869897044699055/48 |
| 38 | Oppo A 15 | 860076053529276 |
| 39 | Redmi 9i | 864799042760100 |
| 40 | Redmi Note 9 Pro | 864324045520839 |
| 41 | Realmi Narzo 20 | 869240053139731 |
| 42 | Realmi C 11 | 861500045976617 |
| 43 | Samsung J2 | 353630094327258 |
| 44 | Samsung A 70 | 355080105133832 |
| 45 | Vivo Y 91 | 861437058662638 |
| 46 | Vivo Y 20 | 866588053710734 |
| 47 | Vivo Y 02 | 868236067282278 |
| 48 | Oppo F 19 Pro | 861982055229415 |
| 49 | Redmi Note 9 | 865416052883339 |
| 50 | Oppo A 9 | 866904044716930 /22 |
| 51 | Oppo A 15 | બંધ હાલતમાં |
| 52 | Vivo Y 12 | બંધ હાલતમાં |

(૨) આ કામે અરજદારની અરજી આવતાં તે સંબંધે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરી જણાવેલ છે કે અરજદારની અરજી તથા રજુ થયેલ દસ્તાવેજો જોતા અરજદારે સેકન્ડ હેન્ડ મોબાઇલ ખરીદેલાના બીલો રજુ કરેલા છે પરંતુ ખરીદનાર પાસેથી મોબાઈલોના અસલ બીલો રજુ રાખેલ નથી. જેથી હાલના તબકકે મુળ બીલો રજુ થયેલ ન હોઇ અસલ માલીકીપણુ દસ્તાવેજોથી સાબીત થતુ ન હોઈ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. તેમજ આ કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર મુદ્દામાલની તપાસના કામે હાલમાં જરુરીયાત ન હોય જેથી મુદ્દામાલ તપાસના કામે જરુર પડેથી રજુ કરવાની શરતે તથા નામદાર કોર્ટની શરતોને આધીન અરજદારને પરત સોંપવા રજુઆત કરેલ છે. ત્યારબાદ સદર કામ સાંભળવા માટે મુલતવી રાખેલ છે.

આ કામે પોલીસ પેપર્સ ધ્યાને લેતાં સદર મુદ્ઘામાલ આરોપી/અરજદાર પાસેથી મળી આવેલ છે. તેમજ વિ.એ.પી.પી. શ્રીને સાંભળવામાં આવેલ છે. અને અરજદાર તરફે તેઓના વિ.વકીલશ્રીને સાંભળેલ છે. જેઓએ પોતાની અરજીમાં જણાવેલ કારણો ધ્યાને લઈ મુદ્ઘામાલ પરત કરવા વિનંતી કરેલ છે.

(૩) સાંભળ્યા. અરજદારની અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોયાં. આ કામે મુદ્ઘામાલ મોબાઈલ ફોન નંગ-પર અંગે અરજદારે બીલોની નકલ રજુ કરેલ છે. તે જોતાં તે અરજદારના નામે હોવાનું જણાય છે. આમ, અરજદાર સદર ફોનના કાયદેસરના માલીક હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. હવે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે સદર મોબાઈલ ફોનો નાં કંપનીમાંથી આવેલ પ્રથમ માલીકનાં બીલો રજુ ન હોઈ તે કારણથી મુદામાલ છોડવો જોઈએ નહી. પરંતુ આ કામે કંપની દ્વારા વેચેલ પ્રથમ વ્યકિતનાં બીલો રજુ ન હોવાથી સદર મોબાઈલનાં માલીક હાલનાં અરજદાર નથી તેવું અનુમાન થઈ શકે તેમ નથી. વધુમાં આ કામે પોલીસને તપાસના કામે પણ આ મોબાઈલ ફોનોની જરૂરત ન હોઈ તેઓએ પણ આ મુદામાલ અરજદારને સોંપવા અભિપ્રાય આપેલ છે. વળી, આ કામે સદર મુદ્ઘામાલનો અન્ય કોઈપણ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. આ સંજોગોમાં જો સદર મુદ્ઘામાલ અરજદારને સોંપવામા ન આવે તો તે પોલીસ સ્ટેશન પડી રહે અને તેથી તેના સ્પેર પાર્ટસ ખરાબ થઈ જાય તેમ જણાય છે. વળી તે અરજદારનાં રોજબરોજના ઉપયોગનું સાધન છે. હવે આ કામે આરોપી સામેનો ગુનો જોઈએ તો, તે બી.એન.એસ.કલમ-૩૦૩(૨) મુજબનો છે. તેમજ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ **સુંદર અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, 2003 (2) GLR Page no.1337** માં નિર્ણીત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં પણ આ મુધ્દામાલ પોલીસ સ્ટેશનમાં રાખવાને બદલે અરજદારને યોગ્ય શરતો અને પુરતી રકમના બોન્ડ મેળવી અને જરૂર પડયે રજુ કરવાની શરતોને આધીન સોંપવુ ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરૂં છુ.

**:: હુકમ ::**

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના કામે નીચે જણાવ્યા પ્રમાણેના મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ–૨૦ જે પોલીસે કબજે કરેલ છે તે, મુદ્દામાલ પાવતી તેમજ પંચનામામાં જણાવેલ કીંમતની દોઢી રકમના પાકા તેમજ સધ્ધર જામીન તેમજ તેટલીજ રકમના મુચરકા જે તે પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન અરજદારને કામચલાઉ ધોરણે કબજો સોંપવાનો હુકમ કરૂં છું.

| અ.નં. | મોબાઈલ ફોન કંપનીનુ નામ | આઈ.એમ.ઈ.આઈ. નં. |
|---|---|---|
| 1 | Realme 8 | 863265057040151/55 |
| 2 | Vivo Y95(1807) | 866472044970774/66 |
| 3 | Oppo A3S | 867710049410851/44 |
| 4 | Vivo 1603 | 866614033182776 |
| 5 | OppoA11K | 863996055832997/89 |
| 6 | Oppo A1K | 864334048409831/23 |
| 7 | OppoA57 | 863711035704038/20 |
| 8 | Realme C20 | 867995059103658/41 |
| 9 | Oppo A58 | 862892066409837/29 |
| 10 | Realme Note 7 | 860389043411814/67 |
| 11 | Realme Note5 | 862452043662576/67 |
| 12 | Redmi Note11 | 867707054474988/66 |
| 13 | Realme 6 | 865314045212437 |
| 14 | Vivo Y51 | 860959047324435 |
| 15 | Poco M3 | 862847053788577 |
| 16 | Oppo F21Pro | 867096056261852 |
| 17 | Realme XT | 866121049374355 |
| 18 | Redmi 9 | 863537052404958 |
| 19 | Vivo Y 95 | 863877047489213 |
| 20 | Vivo Y12 | 861001046324915 |

| | | |
|---|---|---|
| 21 | Vivo Y81 મોડલ ૧૮૦૩( ગોલ્ડ કલરનો) | 863017048432819 |
| 22 | Vivo Y20 | 864979056173173 |
| 23 | Vivo Y22 | 867095068675315 |
| 24 | Realme C12Y | 869795055819432 |
| 25 | Redmi 9 | 861269058917674 |
| 26 | Redmi 9 pro | 864818052123476 |
| 27 | Redmi 9 | 865223059647448 |
| 28 | Vivo Y81 (ગોલ્ડન કલરનો)૧૮૦૩ મોડલ | 868558048995854 |
| 29 | Oppo A54 | 861354056731838 |
| 30 | Redmi 9 Power | 869938055121769 |
| 31 | Vivo ( સ્કાય બ્લુ કલરનો) V2029 | 868894056425033 |
| 32 | Vivo Y 95 | 869308045011357 |
| 33 | Realmi C 15 | 861804043760258 |
| 34 | Vivo Y 83 | 868888033417279/61 |
| 35 | Vivo Y 12 | 864684042401493/85 |
| 36 | Realmi Narzo 20 | 862839052605596/88 |
| 37 | Oppo A5s | 869897044699055/48 |
| 38 | Oppo A 15 | 860076053529276 |
| 39 | Redmi 9i | 864799042760100 |
| 40 | Redmi Note 9 Pro | 864324045520839 |
| 41 | Realmi Narzo 20 | 869240053139731 |
| 42 | Realmi C 11 | 861500045976617 |
| 43 | Samsung J2 | 353630094327258 |
| 44 | Samsung A 70 | 355080105133832 |
| 45 | Vivo Y 91 | 861437058662638 |
| 46 | Vivo Y 20 | 866588053710734 |
| 47 | Vivo Y 02 | 868236067282278 |
| 48 | Oppo F 19 Pro | 861982055229415 |
| 49 | Redmi Note 9 | 865416052883339 |

| | | |
|---|---|---|
| 50 | Oppo A 9 | 866904044716930 /22 |
| 51 | Oppo A 15 | બંધ હાલતમાં |
| 52 | Vivo Y 12 | બંધ હાલતમાં |

**<u>શરતો:-</u>**

(૧) અરજદારે આ મુદ્દામાલ અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ, એસાઇન કે અન્ય કોઇપણ રીતે ટ્રાન્સફર કરવો નહી.

(૨) અરજદારે આ મુદ્દામાલ જરૂર પડયે હુકમ કરતાં જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે આ મુદદામાલની હાલની પરીસ્થીતીમાં કોઇ ફેરફાર કરવો નહી.

(૪) અરજદારે આ મુધ્દામાલના ત્રણ બાજુએથી ફોટા પાડી આ કામે સામેલ કરવા.

(૫) અરજદારે તથા જામીનદારે મુદ્દામાલ જરૂર પડયે હુકમ કરતાં જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનાં રહેશે.

(૬) અરજદારે પોતાનું કાયમી સરનામુ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવુ.

(૭) આ હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા. ૧ લી નાં માહે એપ્રિલ નાં સને ૨૦૨૬ ના રોજ આ હુકમ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/૨૦૨૬

વિરમગામ

આર.બી.મારફતીયા

એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

વિરમગામ, જી.અમદાવાદ.

Judge Code No.GJ00633

ફુ.પી.એ.પરમાર/પી.એ.